# શ્રીદેવીની આખરી વિદાય વેળાએ સાથી કલાકારો ઉમટ્યા





## પ્રાંતિજના વાધપુર ખાતે જમીનનું ખોટુ બાનાખત કરી ૬૭, લાખ પડાવી લીધા

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાધપુર ખાતે ૧૮ વિધા જમીનનાં ખોટી રીતે બાનાખત તૈયાર કરી રોકડા તથા ચેક દ્વારા કુલ- ૬૭,૦૦,૦૦૦ પડાઇ લેતા ફરીયાદી દ્વારા ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઇ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના વાધપુર ગામે રહેતાં અનુપસિંહ કોદરસિંહ રાઠોડ, ભરતભાઇ બાબરભાઇ દેસાઇ, રાયમલભાઇ બળદેવભાઇ દેસાઇ ત્રણેય રહે. વાધપુર દ્વારા જમીનના ખોટા કાગળો બનાવી ફરીયાદી સાથે વિશ્વાસનો લાભ લઈ નાણાં કીય છેતરપીંડી કરવાનું પુર્વયોજીત કાવતરૂ રચી ફરીયાદી સમીરભાઇ બાબુબાઇ મનસુરીને વાધપુર ગામની સીમના ખાતા નં- ૪૫૧ તથા જુનો બ્લોક/ સર્વે નં-૨૪૩થી ૨૪૯ અને ૨૫૫ તથા નવો બ્લોક સર્વે નં-૭૬૫ થી ૭૭૧ તથા ૮૦૭ છે જે જમીન કુલ- ૪-૩ ૨-૩ ૪ હે.આર. એ. ચો.મી (૧૮ વિધા) જમીન વેચાણ અપાવવાનું કહીને જમીનના બાનાખત માટે ફરીયાદી પાસેથી રૂ. ૨૮,૫૦,૦૦૦ રોકડા તથા રૂ. ૭,૫૦,૦૦૦ના ચેક તથા બીજા રૂ. ૩૧,૦૦,૦૦૦ એમ કુલ મળી રૂ. ૬૭,૦૦,૦૦૦ મેળવી લઇ વિશ્વાસમાં રાખી રૂ. ૧૦૦ રૂપીયાના સ્ટેમ્પ પેપર ઉપર ટાઇપ કરેલ વેચાણ બાનાખતમાં કરી તથા સાક્ષીની સહી કરાવી બાકીના ખેડુત ખાતેદારોની સહીઓ કરાવી બાનાખત આપી જઇશું તેમ કહી ફરીયાદીની ગેરહાજરીમાં ખેડૂત ખાતેદારોના ફોટા ચોંટાડી ખોટી સહીઓ કરી બનાવટી સહીઓવાળુ બાનાખત તૈયાર કરાવી નોટરીના જાહેર રજીસ્ટરમાં પણ ખોટી સહિઓ કરી બનાવટી ખોટું બાનાખત સાચું હોવાનું જણાવી ફરી રૂબરૂ રજુ કરી પાસેથી મેળવેલ નાણાં દ્વારા ખેડૂત ખાતેદારો પાસેથી ઉપરોક્ત જમીન આરોપી નં ૧ ના નામે વેચાણ કરવા અંગેનું બીજું બાનાખત કરાવી લઇ નાણાંકિય રીતે છેતરપીંડી કરી વિશ્વાસધાત કરી ફરીયાદી સમીરભાઇ બાબુભાઇ મનસુરીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરતાં ફરીયાદી સમીરભાઈ મનસુરી રહે. પ્રાંતિજ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂધ્ધ ગુનોનોધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મૌછામાં યુવતીને મૈત્રી કરાર રદ કરાવવા દબાણ કરતા યુવતીએ જીવન ટુંકાવ્યુ

### ૧૨ જણા વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

હિંમતનગર, તા. ૨૮

પ્રાંતિજ તાલુકાના મૌછા ગામે નર્સીંગનો અભ્યાસ કરાવવાના બહાને લવાયેલી એક યુવતીને એક યુવક સાથે પ્રેમ થઈ જતા બંને જણાએ ભાગી જઈને મૈત્રી કરાર કરી લીધા હતા. જેથી ત્રણ જણાએ આ મૈત્રી કરાર રદ કરાવી ફરીથી લગ્ન કરાવવા અવારનવાર દબાણ કરતા તેમાં ત્રણ જણાએ મદદગારી કરી હતી. જેથી ત્રાસીને આ યુવતીએ અંદાજે એક માસ અગાઉ પોતાનું જીવન ટુંકાવી દીધુ હતુ. જે અંગેની ફરીયાદ મંગળવારે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ઈડર તાલુકાના ચોરીવાડ ગામના ધવલકુમાર મહેન્દ્રભાઈ નાયીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ મીતાલીબેન નાયી પોતાના મામાના ઘરે રહેતી હતી. દરમ્યાન સુરેશકુમાર રામાભાઈ નાયી, શૈલેષભાઈ પશાભાઈ નાયી અને મનીષાબેન શૈલેષભાઈ નાયીએ મીતાલીને નર્સીંગ કરાવવાના બહાને મૌછા ગામે લઈ આવ્યા હતા. જ્યાં મીતાલીને દેવધન ઘનશ્યામભાઈ શર્મા સાથે પ્રેમ સંબંધ બંધાઈ જતા બંને જણાએ ઘરેથી નાસી જઈ મૈત્રી કરાર કરી લીધા હતા. તો બીજી તરફ મીતાલીબેનને પાછી લાવી ૧૩ જણાએ મૈત્રી કરાર રદ કરાવી મીતાલીબેનની લાગણી દુભાવી હતી.

જેમાં રામાભાઈ માધાભાઈ નાયી, કાંતાબેન રામાભાઈ નાયી, માલતીબેન ઘનશ્યામભાઈ શર્મા, ઘનશ્યામભાઈ ખેમરાજભાઈ શર્મા, પશાભાઈ માધાભાઈ નાયી, જશીબેન પશાભાઈ નાયી, નિરૂબેન સુરેશભાઈ નાયી, શામળભાઈ ડાહ્યાભાઈ નાયી અને ભરતભાઈ અમીચંદભાઈ નાયીએ મદદગારી કરી શારિરીક અને માનસિક ત્રાસ આપી જાતે મરી જવા સુધીની દુષ્પ્રેરણા આપતા મીતાલીબેને જાતે એસીડ પી લીધુ હતુ. જેથી તેણીનું તા. ૨૩ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી દરમ્યાન મોત નિપજ્યુ હતુ. જેથી ધવલકુમાર નાયીએ ૧૩ જણા વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે બજારોમાં ભારે ભીડ

### હાયડા, ધાણી, ખજુર અને અવનવી પિચકારીની ધૂમ માંગ

આજથી હોળી-ધૂળેટીનું પર્વ શરૂ થઈ ચુક્યું છે ત્યારે તેના અગાઉ હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જામી રહી છે. જો કે ગત વર્ષ કરતા આ વર્ષે બજારમાં હોળી નિમિત્તે વેચાતી ચિજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે તેમ છતાં જરૂરીયાતમંદ લોકો તેની ખરીદી કરી રહ્યા છે. જ્યારે રાજસ્થાની પરિવારો તો તહેવારો અગાઉ રાજસ્થાન ભણી નીકળી ગયા છે. ગુજરાતમાં હોળી-ધૂળેટી પર્વનું મહત્વ ખુબજ છે ત્યારે આ પર્વ નિમિત્તે લોકો મકાઈ અને જારની ધાણી ખાવાનુ પસંદ કરે છે. અને હોળી પ્રગટાવ્યા બાદ ખુજર અને ધાણી પ્રસાદ તરીકે વહેચવામાં આવે છે. શીયાળાનો અંત અને ઉનાળાના પ્રારંભે આવતો આ તહેવારમાં ઉપયોગમાં લેવાતી ધાણીનું પણ આર્યુવેદમાં ખુબજ મહત્વ છે. ધાણી એ કફનાશક હોવાને કારણે બે ઋતુ દરમિયાન થતી કફ અને શરદી માટે તે અક્સીર ઈલાજ છે. હોળી ધૂળેટી પર્વ નિમિત્તે હિંમતનગરના ટાવર રોડ પર તથા અન્ય સ્થળે મકાઈ અને જારની જે ધાણી, હાયડા, ખુજર અને પિચકારી વેચાઈ રહી છે તેના ભાવમાં ગત વર્ષ કરતા ૨૦ ટકા વધારો થઈ ગયો છે. સાથોસાથ અનેક જ્ઞાતિઓમાં હોળી પર્વ નિમિત્તે ઉજવાતા ઢુંઢ (ઝેબ) નિમિત્તે જમણવાર પણ થઈ રહ્યા છે. ગુજરાતમાં પાણીની અછત વર્તાઈ રહી છે ત્યારે હોળી-ધૂળેટી પર્વ નિમિત્તે લોકો પાણીનો વ્યય ન કરે અને સુકી હોળી અથવા તો તિલક હોળી કરીને પાણીને બચાવે તે જરૂરી છે. જેના માટે જિલ્લાની પાલીકાઓ, નગરપાલીકાઓ તથા ગ્રામ પંચાયતોએ આ બે દિવસ દરમિયાન જરૂર પડે પાણી કાપ મુકીને લોકોમાં જાગૃતિ લાવવાની પહેલ કરવી જોઈએ જાગૃત નાગરીકોએ પણ આ દિશામાં કદમ ઉઠાવી પાણી બચાવોની ઝુંબેશને કાયમી બનાવી તેનો પ્રચાર પ્રસાર વધુ કરવો જોઈએ.

## ડાકોર પગપાળા જતા યાત્રાળુઓ માટે વિવિધ સ્થળે સેવાકેન્દ્રો



ગાંધીનગર, તા. ૨૮

ફાગણી પુનમ નિમિત્તે ડાકોર પગપાળા જતા યાત્રાળુઓની સેવાર્થે મહેમદાબાદ-મહુધા-ડાકોર ભક્તિમાર્ગે વિવિધ સ્થળે સેવાકેન્દ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાશ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર સંચાલિત 'કદમછાયા' સેવા સંકુલ ખાતે છેલ્લા અઢાર વર્ષથી યાત્રાળુઓની સેવાર્થે સેવાકેન્દ્રનું આયોજન કરવામાં આવે છે. ડાકોર પગપાળા જતા યાત્રાળુઓ માટે આ વર્ષે ખાત્રજ ચોકડી પાસે અરેરી રામદેવ હોટેલ સામે સ્વયંસેવકો દ્વારા આયુર્વેદિક તેલથી માલિશ કરીને ભાવિક ભક્તોની સેવા કરવામાં આવી હતી. મહુધા-ડાકોર ભક્તિમાર્ગ કદમછાયા સેવાસંકુલમાં જલસેવા સહિત વિશ્રામ વ્યવસ્થા કરવામાં આવી હતી. ડાકોર નારાયણ ફાર્મ પાસે ડાકોરના સ્થાનિક સેવકો ઈન્દુસિંહ પરમાર, અમરસિંહ પરમાર, જનક ચાવડા તેમજ સંસ્થાના હોદ્દેદારો દ્વારા યાત્રાળુઓને વિશ્રામગૃહમાં આયુર્વેદિક તેલની માલીશ દ્વારા રાહત આપવામાં આવી હતી. પારૂલ એસ. ફાઉન્ડેશન દ્વારા ત્રણેય સેવાકેન્દ્રમાં સહયોગ આપવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં યાત્રાળુઓએ વિવિધ સેવાકેન્દ્રોનો લાભ લીધો હતો.

## હિંમતનગરનું ટાવર સર્કલ એટલે ટ્રાફીકનું ઉદ્ભવ સ્થાન

### પાંચ રોડ પરથી આવતા વાહનચાલકો મુંઝાઈ જાય છે

હિંમતનગરના હાર્દસમા ટાવર રોડ પર લાયબ્રેરી નજીક આવેલ સર્કલને વહિવટીતંત્ર દ્વારા નવિનીકરણ કરાઈ રહ્યું છે. ત્યારે આમ પ્રજા માટે સર્કલ અને રોડ સાંકડો બની જતા ખુબજ અડચણરૂપ સાબિત થઈ રહ્યો છે. ઓછામાં પુર રોડની બંને તરફ તથા ટાવર સર્કલને ફરતે આવેલ ફૂટપાથ પર પાથરણાવાળાઓના અડીંગોને કારણે આમ પ્રજા અને વાહન ચાલકો માટે અહિથી પસાર થવા માટે જાણેકે સાત કોઠા વિંધવા પડતા હોય તેવી અનુભૂતી થાય છે જેથી વહિવટીતંત્રએ સત્વરે આ મુશ્કેલીનો નિવેડો લાવવો જોઈએ.

અત્યાર સુધી ટાવર સર્કલ પર ફક્ત પ્રતિમા અને ફૂવારા હતા ત્યારબાદ નગરપાલિકા દ્વારા નવિનીકરણને નામે તબક્કાવાર પ્રતિમા સર્કલ અને ફૂવારા દૂર કરી દેવામાં આવ્યા છે અને આ સ્થળે રોડની બાજુમાં ફૂટપાથ બનાવી દેવાઈ છે. જેના કારણે રોડ સાંકડો બની ગયો છે. ઓછામાં પુરૂ આ ફૂટપાથ રાહદારીઓ માટે બનાવાઈ હોવા છતા તેનો ઉપયોગ લારીઓ અને પાથરણાવાળાઓએ ઉપયોગ શરૂ કરી દીધો છે. જેથી રાહદારીઓને ના છૂટકે રોડ પર થઈને નિકળવુ પડે છે.

લોકચર્ચા મુજબ અહી લારીઓવાળાઓ, પાથરણાવાળા અને દુકાનદારો જે પોતાનો માલસામાન ફૂટપાથ પર ગોઠવી દે છે તે સંલગ્ન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જાણતા હોવા છતાં તેમને કશુ કહેવામાં આવતુ નથી તેથી એવુ લાગે છે કે અહિ હપ્તા રાજ ચાલતુ નથી ને ? ઉપરાંત ટાવર સર્કલથી બ્રિજ તરફ, બગીચા તરફ, સંઘ રોડ, સ્ટેશન રોડ તથા ટાવર રોડ પરથી આવતા અને જતા વાહનોને કારણે દિવસ દરમિયાન સતત ટ્રાફિક રહેતો હોવાથી ધુમાડાનું પ્રદૂષણ પણ વધી જાય છે. જેથી શહેરને સુંદર અને રળિયામણુ બનાવવા માંગતા તંત્રએ આ સમસ્યા દૂર કરવા માટે સત્વરે વૈકલ્પીક વ્યવસ્થા સત્વરે ગોઠવવી જોઈએ તેમ આમ પ્રજા ઈચ્છી રહી છે.




**બળબળતા તાપથી બચવા શ્રમિકોને કેપનું વિતરણ**

પાટનગરમાંથી શિયાળાએ વિદાય લઈ લીધી છે અને આકરા ઉનાળાનો પ્રારંભ થઈ ચુકયો છે. ઉનાળાના બળબળતા તાપમાં વિવિધ ક્ષેત્રે મજૂરી કરી પેટીયું રળતા શ્રમજીવીઓને આવી અસહ્ય ગરમીમાં પણ કામ કરવું પડે છે જેના કારણે તેઓ વિવિધ બિમારીનો ભોગ બને છે. આ હકીકતને ધ્યાનમાં લઈ ગાંધીનગર ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા શ્રમજીવીઓને ૫૦૦ કેપનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં ગાંધીનગરના સે-૩૦ના મુકિતધામના સ્ટાફ, જીઈબી કોલોની પાસેના છાપરાં, મુકિતધામ પાસેની ઝુંપડપટ્ટીમાં વસતા શ્રમિકો વગેરેને આવરી લેવાયા હતા. આ કાર્યમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો સુનિલ સોની, જીલુભા ધાંધલ, હિતેશ રાવલ, મગનભાઈ કાકડીયા, ડૉ. એકતા પટેલ, અર્ચિન દવે અને જાહલ દવે જોડાયા હતાં.

### સાથે સાથે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- રાત્રિ ગાળામાં મૃતદેહને આવાસ પર રાખવામાં આવ્યા બાદ સવારે સેલિબ્રેશન ક્લબમાં રાખવામાં આવ્યો
- સંપૂર્ણ રાજકીય સન્માન સાથે વિદાય આપવામાં આવી
- શ્રીદેવીના મૃતદેહને તિરંગા ધ્વજ સાથે લપેટવામાં આવ્યો
- સલમાન ખાન, વિદ્યા બાલન સહિતની મોટી હસ્તીઓ કાબૂ ન રાખી શકતા રડી પડી
- કરોડો ચાહકોની આંખો પણ ભીની થઈ
- શ્રીદેવીની અંતિમ યાત્રા પહેલા તમામ બોલિવુડ હસ્તીઓ પહોંચી
- શ્રીદેવીના મોત બાદ ત્રણ દિવસ સુધી પાર્થિવ શરીર દુબઈ રાખ્યા બાદ ગઈકાલે મોડી રાત્રે મુંબઈમાં લાવવામાં આવ્યો હતો
- સેલિબ્રેશન ક્લબમાં એશ્વર્યા, સુષ્મિતા સેન, જેક્લીન સહિતની તમામ હસ્તીઓ પહોંચી
- સવારે શ્રદ્ધાંજલિ આપવા માટે ચાહકોની લાઈન લાગી
- બપોર સુધી શ્રદ્ધાંજલિ અપાયા બાદ અંતિમ યાત્રા શરૂ કરાઈ
- બપોરે ૩-૩૦ વાગે અંતિમ સંસ્કાર કરવામાં આવનાર હતા પરંતુ ચાહકોની મોટી સંખ્યાના લીધે પાંચ વાગ્યા પછી જ અંતિમસંસ્કારની વિધિ શક્ય બની
- શ્રીદેવીની બન્ને પુત્રીઓ તથા પરિવારના સભ્યો દ્વારા તમામનો આભાર માનવામાં આવ્યો
- ઉદ્યોગપતિ કુમારમંગલમ બિરલા પણ અંજલિ આપવા પહોંચી
- શનિવારે અમિરાત હોટેલ રૂમમાં બાથટબમાં પડી જવાથી મોત થયુ હતુ
- સતત ત્રણ દિવસ સુધી દુબઈમાં શ્રીદેવીના મોતના મામલે ઉંડી તપાસ કરવામાં આવી

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવાસથી પકડી લેવામાં આવ્યા હતા. આ કેસમાં થોડાક દિવસ પહેલા તેમના સીએ એસ ભાસ્કર રમનની પણ ધરપકડ કરવામાં આવી હતી. એફઆઈબીબી દ્વારા આઈએનએક્સ મીડિયાને વર્ષ ૨૦૦૭માં વિદેશી નાણાં એકત્રિત કરવા માટે મંજુરી આપવામાં આવી હતી. આ સમગ્ર મામલે કાર્તિનુ નામ સપાટી પર આવ્યુ હતુ. એ વખતે કાર્તિના પિતા ચિદમ્બરમ યુપીએ સરકારમાં નાણાં પ્રધાન હતા. ઈડીએ દાવો કર્યો છે કે સીએ ભાસ્કર રમને ખોટી રીતે નાણાં એકત્રિત કરવાનો આક્ષેપ કર્યો હતો. આગામી દિવસોમાં કોંગ્રેસ અને ભાજપ આમને સામને આવે તેવી શક્યતા છે. પહેલા પણ આ મામલે બન્ને પાર્ટીઓ વચ્ચે આક્ષેપ થતા રહ્યા છે. કાર્તિની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમની પુછપરછ કરવામાં આવી રહી છે. એફઆઈઆરમાં કાર્તિ પર આક્ષેપ કરવામાં આવ્યો છે કે, પિતાના કેન્દ્રીય નાણામંત્રી તરીકેના ગાળામાં આઈએનએક્સ મિડિયાને એફઆઈઈડી દ્વારા મંજુરી અપાવવાના બદલામાં ૩.૫ કરોડની રકમ લેવામાં આવી હતી. કાર્તિની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમને ગુપ્ત સ્થળે લઈ જવામાં આવ્યા હતા જ્યાં પુછપરછ કરવામાં આવી હતી. છેતરપિંડીના કેસમાં તેમની ભૂમિકા પાકી બની ગઈ હતી ત્યારબાદ જ ધરપકડ કરવામાં આવી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટ એસ ભાસ્કર રમનની ધરપકડ બાદ કાર્તિની ધરપકડ કરવામાં આવી છે. એસ ભાસ્કર રમનની ૧૬મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ગયા સપ્તાહમાં જ ચિદમ્બરમના પુત્ર કાર્તિએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને આઈએનએક્સ મિડિયા કેસમાં તેમની સામે ઈડીના સમન્સ પર સ્ટે મુકવાની માંગ કરી હતી. તેઓએ વારંવાર ઈડીને કહ્યું હતું કે, તેઓ યોગ્ય સમયમાં ઉપસ્થિત થશે. ૧૮મી જાન્યુઆરીના દિવસે પણ કાર્તિની પુછપરછ કરવામાં આવી હતી. બીજી ફેબ્રુઆરીના દિવસે કાર્તિ સામે સમન્સ જારી કરાયા બાદ કાર્તિએ ઉપસ્થિત થવાનો ઈન્કાર કર્યો હતો. ગયા વર્ષે મે મહિનામાં કાર્તિ અને અન્યો સામે કેસ દાખલ કરીને તપાસ હાથ ધરાઈ હતી.

### તખ્તો તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નાણામંત્રી હતા. સ્વામીનું કહેવું છે કે, ચિદમ્બરમ પણ અપરાધી છે. એક મહિનામાં જ તેમની પણ ધરપકડ કરાશે. આ કેસમાં રાજકીય દુશ્મનાવટ સાથે કોઈ લેવા દેવા નથી. વડાપ્રધાન મોદીએ આ કેસથી પોતાને અલગ રાખ્યા છે. ચિદમ્બરમ સમર્થકોને પણ મામલામાં દરમિયાનગીરી ન કરવા કહેવામાં આવ્યું છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રણદીપ સૂરજેવાલાએ કહ્યું છે કે, મોદી સરકાર નિરવ મોદીના મામલામાં કાર્યવાહી કરી રહી નથી. સીબીઆઈ ભાજપના ઈશારે ચાલી રહી છે. સરકાર તમામ મોરચા પર નિષ્ફળ સાબિત થઈ રહી છે ત્યારે ભ્રષ્ટાચારના કૌભાંડો, કુશાસન અને ખોટા પ્રશાસનને છુપાવવા માટે આ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. કોંગ્રેસના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું છે કે, મોદી સરકારના આશીર્વાદથી ૩૨૦૦૦ કરોડ લૂટનાર નિરવ મોદી ન્યુયોર્કમાં આરામથી બેઠા છે. સીબીઆઈ ભાજપના ઈશારે રાજકીય હરીફોને મુશ્કેલીમાં મુકી રહી છે.

### રાજકીટ સન્નાટો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો અને વિપક્ષે ચર્ચાનો પડકાર ઉપાડી અત્યારે જ ચર્ચા કરવાનુ સ્વીકાર્યુ છે તો સરકાર ભાગે કેમ છે તેવા અણિયાળા સવાલો વિપક્ષના સભ્યોએ કર્યા છે.

હવે ૧૪ દિવસ પછી આ પ્રસ્તાવ પર આગળની કાર્યવાહી થશે. વિધાનસભાના અધ્યક્ષ પર હોદ્દો સંભાળ્યાના ટુંકાગાળામાં જ અવિશ્વાસનો પ્રસ્તાવ આવ્યો હોય તેવી પ્રથમ ઘટના બનવા પામી છે. હજુ ૧૪મી વિધાનસભાનું આ પ્રથમ સત્ર જ છે.

અગાઉ પણ ૧૩ જેટલા પ્રસ્તાવો અધ્યક્ષો સામે આવ્યા છે પણ તેના પર સમયના અભાવે ચર્ચા ન થઈ હોવાનું તેમજ પ્રસ્તાવ તેના મુસદ્દા પ્રમાણેનો ન હોવાનું જણાતાં તે નકારવામાં આવ્યા છે.

### વિધાનસભામાં.... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે ? ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ રજુ કરેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ જન્મજાત બધીરતાવાળા બાળકોની સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક વર્ષમાં કોકલીયર ઈમ્પલાન્ટના ૧૨૯ ઓપરેશન કરવામાં આવ્યા છે.

**જિલ્લામાં ૩૬૯ ખેતી વિષયક વિજ જોડાણ અપાયા**

વિરમગામના લાખાભાઈ ભરવાડના પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તત્કાલ કૃષિવિષયક વિજ જોડાણ મેળવવા માટે ૧૧૬૬ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૩૬૯ વિજ જોડાણ આપવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૬૫૪ અરજીઓ પડતર છે. વધુમાં તત્કાલ વિજ જોડાણ માટે ૪૪ અરજીઓ મળી હતી જયારે ૩૫ કિસ્સામાં વિજ જોડાણ આપવામાં આવ્યા છે.

બે વર્ષમાં રસ્તાના ૯૩ કામો પુર્ણ ૩ કિસ્સામાં ફરિયાદ ઉઠી

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન રસ્તાના કેટલા કામો મંજુર કરાયા અને કેટલા કામો પુર્ણ થયા કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નનના જવાબમાં નાયબ મુખ્યમંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ રસ્તાના કામો સંદર્ભે ૨૮૯ જોબ નંબર ફાળવવામાં આવ્યા જયારે આ પૈકી ૯૩ કામો પુર્ણ કરાયા છે. જયારે ૩ કામો સંદર્ભે ફરિયાદ ઉઠવા પામી હતી. જેમાં તપાસના અંતે ચોમાસાના કારણે નુકસાન પામેલા ૨ રસ્તાની મરામત ઈજારદારના ખર્ચે કરાવવામાં આવી છે.